# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-07-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.**

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલી સાથે મુલાકાત કરશે.

2) માહિતી અને પ્રસારણ મંત્રાલયે ટેલિવિઝન રેટિંગ એજન્સીઓ માટે નીતિ માર્ગદર્શિકામાં સુધારાનો પ્રસ્તાવ મૂક્યો છે.

3) દિલ્હી સરકારે, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટને વર્ષથી જૂના વાહનોને 15 ઈંધણ નહી આપવાના નિર્ણયને સ્થગિત કરવા વિનંતી કરી છે.

4) **છત્તીસગઢ સરકાર આદિવાસી બહુ સરગુજા અને બસ્તરજામાં 5 હજારથી વધુ મોબાઈલ ટાવર ઊભા કરશે.**

5) અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું બિગ બ્યુટીફુલ બિલ ગૃહમાં પસાર થયું છે.

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM MODI - ARGENTINA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલીના આમંત્રણ પર આજથી બે દિવસની મુલાકાતે લેશે. 57 વર્ષમાં કોઈ ભારતીય પ્રધાનમંત્રી દ્વારા આર્જેન્ટિનાની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત હશે, જે તેને એક ઐતિહાસિક પ્રસંગ બનાવશે.

ગ્લોબલ સાઉથ સાથે ભારતના જોડાણને મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી 5 દેશોની તેમની મુલાકાતના આગામી તબક્કામાં, પ્રધાનમંત્રી મોદીને આર્જેન્ટિના રાષ્ટ્રપતિ આમંત્રણ પર આર્જેન્ટિનાની મુલાકાત લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRINIDAD AND TOBAGO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય સમુદાયના કાર્યક્રમને સંબોધતા કહ્યું છે કે ત્રિનિદાદ અને ટોબેગોમાં ભારતીય સમુદાયની યાત્રા હિંમત પર આધારિત છે.

ત્રિનિદાદ અને ટોબેગોમાં શ્રી મોદીએ કહ્યું કે તેમના પૂર્વજોએ જીવનમાં આશાઓ સાથે અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. રામાયણને તેમના હૃદયમાં રાખ્યું છે અને તેઓ ફક્ત સ્થળાંતર કરનારા જ નહીં પરંતુ પુરાતન ભારતીય સભ્યતાના સંદેશવાહક હતા.

પ્રધાનમંત્રી તરીકે આ તેમની ત્રિનિદાદ અને ટોબેગો દેશની પ્રથમ મુલાકાત છે.1999 પછી ત્રિનિદાદ અને ટોબેગોની પ્રધાનમંત્રી સ્તરે પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે,તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી ત્રિનિદાદ અને ટોબેગોના રાષ્ટ્રપતિ ક્રિસ્ટીન કાર્લા કાંગાલુ અને પ્રધાનમંત્રી કમલા પ્રસાદ-બિસેસર સાથે વાતચીત કરશે. પ્રધાનમંત્રી ત્રિનિદાદ અને ટોબેગોની સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કરશે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના ઊંડા અને ઐતિહાસિક સંબંધોને નવી ગતિ આપશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારતમાંથી ઘણા લોકો વર્ષો પહેલા ત્રિનિદાદ અને ટોબેગો આવ્યા હતા. વર્ષોથી, તેઓએ અનેક ક્ષેત્રોમાં આગળ આવીને કામ કરીને રાષ્ટ્રની વિકાસ યાત્રાને સમૃદ્ધ બનાવી રહ્યા છે.

શ્રી મોદીએ પોર્ટ ઓફ સ્પેનમાં અવિસ્મરણીય સ્વાગત માટે સ્થાનિક ભારતીય સમુદાયનો આભાર વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BRICS - SUMMIT

બ્રાઝિલમાં આગમી 6 -7 મી જુલાઈના રોજ યોજાનાર બ્રિક્સ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાગ લેશે.

આકાશવાણી સાથે બ્રિક્સ સમિટ અંગે વાત કરતા ભારતીય રાજદૂત દિનેશ ભાટિયાએ જણાવ્યું છે.પ્રધાનમંત્રી બ્રિક્સ સમિટ 6 અને 7 જુલાઈના રોજ રિયો ડી જાનેરોમાં ભાગ લેશે.

ત્યારબાદ 8 જુલાઈના રોજ તેઓ બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા ડી સિલ્વા સાથે દ્વિપક્ષીય બેઠકમાં વૈશ્વિક શાસન સુધારા, આબોહવા પરિવર્તન પડકારો, AI સહિત અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

આ યોજાનારી મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TELEVISION-RATING-AGENCY

માહિતી અને પ્રસારણ મંત્રાલયે ટેલિવિઝન રેટિંગ એજન્સીઓ માટે 2014 માં જારી કરાયલી નીતિ માર્ગદર્શિકામાં સુધારાનો પ્રસ્તાવ મૂક્યો છે.

પ્રસ્તાવિત ડ્રાફ્ટમાં દેશમાં ટેલિવિઝન પ્રેક્ષકો માપન પ્રણાલીનું લોકશાહીકરણ અને આધુનિકીકરણ કરવા માટે મીડિયા હાઉસ માટે કેટલીક પ્રતિબંધિત જોગવાઈઓ દૂર કરવામાં આવી છે. હાલમાં, ટીવી રેટિંગ આપતી એકમાત્ર એજન્સી બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલ - BARC છે.

પ્રસ્તાવિત સુધારાઓનો હેતુ ટીવી રેટિંગના ક્ષેત્રમાં બહુવિધ એજન્સીઓ દ્વારા સ્વસ્થ સ્પર્ધાને પ્રોત્સાહન આપવાનો, નવી ટેકનોલોજી લાવવાનો અને ખાસ કરીને કનેક્ટેડ ટીવી પ્લેટફોર્મ માટે વધુ વિશ્વસનીય અને પ્રતિનિધિ ડેટાને મંજૂરી આપવાનો છે. મંત્રાલયે ડ્રાફ્ટ રજૂ થયાના 30 દિવસની અંદર હિસ્સેદારો અને સામાન્ય લોકો પાસેથી સૂચનો મંગાવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# CAQM

દિલ્હી સરકારે, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)ને દિલ્હીમાં 15 વર્ષથી થી જૂના વાહનોને કોઈપણ ઈંધણ નહી આપવાના નિર્ણયને સ્થગિત કરવા વિનંતી કરી છે.

દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિન્દર સિંહ સિરસાએ આ સંદર્ભમાં CAQM ને પત્ર લખ્યો છે. આ અંગે શ્રી સિરસાએ કહ્યું કે દિલ્હી સરકાર રાષ્ટ્રીય રાજધાનીના વાયુ પ્રદૂષણને અટકાવશે અને જુના વાહનોને જપ્ત થવા દેશે નહીં. તેમણે કહ્યું કે દિલ્હી સરકારે CAQM ને જાણ કરી છે કે જે ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR) કેમેરા લગાવવા આવ્યા છે તે એક હજી સંપૂર્ણ સિસ્ટમ નથી, હજુ પણ ઘણા પડકારો છે. મંત્રીએ ઉમેર્યું કે તેને હજુ સુધી NCR ડેટા સાથે સંકલિત કરવામાં આવ્યા નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

. . . . . . . . . . . . . .

# BES EXPO 2025

નવી દિલ્લી ખાતે B.E.S. એક્સ્પો 2025 અને સંમેલનનો પ્રારંભ થયો, જેમાં મીડિયા, ટૅક્નોલૉજી અને પ્રસારણ ક્ષેત્રના મહાનુભાવો જોડાયા. આ પ્રસંગે પ્રસાર ભારતીના C.E.O. ગૌરવ દ્વિવેદીએ કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I.ને ટેક્નિકલ માનવીય પડકાર ગણાવતા કહ્યું, A.I. સાથે જોડાયેલી જવાબદારીપૂર્ણ ચર્ચાની જરૂર છે. તેમણે કહ્યું, આજે કન્ટેન્ટને વૈશ્વિક અને સ્થાનિક સ્તર પર એકસાથે પહોંચવું શક્ય છે.

મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત પ્રસાર ભારતીના અધ્યક્ષ નવિન સહેગલે પ્રસાર ભારતીની ઑટીટી સેવા વેવ્ઝની સફળતા પર પ્રકાશ પાડ્યો અને ટૅક્નિકલ વિકાસની જરૂરિયાત ગણાવી. પાંચ જુલાઈ સુધી યોજાનારા આ એક્સ્પોમાં માનદ ફેલો અને અન્ય પુરસ્કાર પણ એનાયત કરાયા.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# CHATTISHGADH – MOBILE TOWER

છત્તીસગઢ સરકાર આદિવાસી બહુ સરગુજા અને બસ્તરજામાં 5 હજારથી વધુ મોબાઈલ ટાવર ઊભા કરશે.

મુખ્યમંત્રી વિષ્ણુ દેવસાઈએ બસ્તરજા જેવા દૂરદરાજ અને સરગુને તમારા મોબાઈલ પર ટાવરો અને ઑપ્ટિક નેટવર્ક લગાડવામાં આવશે.

મુખ્યમંત્રીએ રાજ્યની ડિજિટલ પરિવર્તનની પુષ્ટિ કરતાં ઇલેક્ટ્રોનિક ટેક્નોલૉજીના પીએમ નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત 2047' રોડમેપની સાથે ભાગીદારી –વિજન્ક છત્તીસગઢ 2047 અંર્તગત આ સૂચનો કર્યા છે

મુખ્યમંત્રીએ કહ્યું કે કુશળ, પારદર્શક અને સુચના સુનિશ્ચિત કરવા માટે સમગ્ર રાજ્યમાં ડિજિટલ સેવાઓ મજબૂત કરવા જરૂરી છે. તેમણે કહ્યું કે "ઈ-ડિસ્ટ્રિક્ટ 2.0 હેઠળ સરકાર તેની વર્તમાન 85 ઑનલાઇન સેવાઓનો વિસ્તરણ કરશે અને તેની નીચે 250 ઑફર સેવાઓ શામેલ છે.

મુખ્ય મંત્રીના અધિકારીઓ દ્વારા ડિજિટલ ગુણવત્તા વધારવા માટે રાજ્ય ડેટા સેંટર માટે ટિયર-III સ્ટાન્ડર્ડ પર સુરક્ષા પણ નિર્દેશિત કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# DONALD TRUMP- BILL

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું બિગ બ્યુટીફુલ બિલ ગૃહમાં પસાર થયું છે. ગઈકાલે રાત્રે સત્ર દરમિયાન, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે 218 વિરુદ્ધ 214 મતોથી બિલ પસાર કર્યું છે.મંગળવારે સેનેટમાં તેને એક મતથી મંજૂરી આપવામાં આવી હતી.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે રિપબ્લિકન-નિયંત્રિત કોંગ્રેસને આ બિલના અંતિમ સંસ્કરણને કાયદામાં રૂપાંતરિત કરવા માટે 4 જુલાઈ સુધીનો સમય આપ્યો હતો.

કોંગ્રેસનલ બજેટ ઓફિસનો અંદાજ છે કે આ બિલ આગામી 10 વર્ષોમાં ફેડરલ ખાધમાં ત્રણ પાઉન્ડ ત્રણ ટ્રિલિયન ડોલર ઉમેરી શકે છે અને લાખો લોકોને આરોગ્ય સુવિધાઓથી વંચિત કરી શકે છે. પત્રકારો સાથે વાત કરતા, શ્રી ટ્રમ્પે કહ્યું કે આ બિલ આ દેશના અર્થતંત્રને નવી ઊંચાઈઓ પર લઈ જશે. આજે શ્રી ટ્રમ્પ આ કાયદા પર સહી કરે તેવી અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# PUTIN-TRUMP-TALKS

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે તમામ લક્ષ્યો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી યુક્રેન વિરુદ્ધ અભિયાન ચાલુ રહેશે. પુતિને ગઈકાલે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત દરમિયાન આ વાત કહી હતી.

બંને રાષ્ટ્રપતિઓ વચ્ચે એક કલાક ચાલેલી ટેલિફોન વાતચીત બાદ પત્રકારોને માહિતી આપતા, રશિયાના  વિદેશ નીતિ સલાહકાર યુરી ઉષાકોવે જણાવ્યું હતું કે રશિયા વર્તમાન સંઘર્ષનો રાજદ્વારી ઉકેલ શોધવાનું ચાલુ રાખશે. લગભગ સાડા ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધને શક્ય તેટલી વહેલી તકે સમાપ્ત કરવાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના આહ્વાનને રશિયન રાષ્ટ્રપતિ પુતિને નકારી કાઢ્યું. જોકે, ઉષાકોવે યુક્રેન સાથે રાજકીય વાતચીત દ્વારા ઉકેલ શોધવાની ઇચ્છા વ્યક્ત કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BOXING

ભારતીય બોક્સર હિતેશ ગુલિયા અને સાક્ષીએ વર્લ્ડ બોક્સિંગ કપ કઝાકિસ્તાન 2025ની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

હિતેશ ગુલિયાએ પુરુષોના 70 કિગ્રા ક્વાર્ટર ફાઇનલમાં કઝાકિસ્તાનના અલ્માઝ ઓરોઝ-બેકોવ પર 5-0 થી વિજય મેળવ્યો, ચંદ્રક સુનિશ્ચિત કર્યો .

જયારે મહિલાઓના 54 કિગ્રા વર્ગમાં, સાક્ષીએ,બ્રાઝિલની તાતીઆના રેજિના ડી જીસસ ચાગાસને હરાવી સેમિફાઇનલ માં સ્થાન મેળવ્યું.

48 કિગ્રામાં ભારતીય બોક્સર મીનાક્ષી - 80 કિલો ગ્રામમાં  પૂજા રાની અને 60 કિલો ગ્રામમાં સંજુ સેમિફાઇનલમાં પહોંચી ચંદ્રકના દાવેદાર બન્યા છે અનામિકા 51 કિલો ગ્રામમાં પણ દાવેદારીમાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CHESS - GUKESH

વર્લ્ડ ચેમ્પિયન ડી. ગુકેશે ગ્રાન્ડ ચેસ ટૂરમાં છઠ્ઠા રાઉન્ડમાં વર્લ્ડ નંબર 1 અને પાંચ વખતના ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને માત આપી.

સુપર યુનાઇટેડ રેપિડ અને બ્લિટ્ઝ ક્રોએશિયા 2025 ગ્રાન્ડ ચેસ ટૂરની ત્રીજી ઇવેન્ટ છે. આ ઇવેન્ટમાં 9 રાઉન્ડનો સમાવેશ થાય છે, ત્યારબાદ 18 રાઉન્ડ બ્લિટ્ઝ હતા.

અગાઉ, ગુકેશે પાંચમા રાઉન્ડમાં પોતાના ભારતીય ચેસ ખેલાડી પ્રજ્ઞાનંદા, કાર્લસન, સો અને ડુડાને હરાવી લીડ મેળવી હતી. ગઈકાલે કાર્લસન પર વિજય મેળવતાં તેને રેપિડ ચેસના ત્રણ રાઉન્ડ સાથે એકમાત્ર લીડ મળી ગઈ હતી.

ગત વર્ષે સિંગાપોરમાં ગુકેશે ડિંગ લિનરેનને હરાવીને વર્લ્ડ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો, જે રમતના ઇતિહાસમાં સૌથી નાની ઉંમરનો વર્લ્ડ ચેમ્પિયન બન્યો હતો, ત્યારબાદ કાર્લસેને અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકીતા શાહ

આજના અખબારોના સમાચારમાં તમામ અખબારોએ જુદા જુદા સમાચારોને મુખ્ય મથાળામાં સ્થાન આપ્યું છે ગુજરાત સમાચારે - દિલ્હીમાં 15 વર્ષ જૂના વાહનોની જપ્તીના આદેશ પર બ્રેકને મુખ્ય મથાળું બનાવ્યું છે સંદેશનું મુખ્ય શીર્ષક છે - 1.05 લાખ કરોડના શસ્ત્રોની ખરીદીને મંજૂરી,

નવગુજરાત સમયે અંતે ટ્રમ્પની જીત બિગ બ્યુટીફુલ બીલ પાતળી સરસાઈથી પસારને મુખ્ય મથાળું બનાવ્યું છે

આ સાથે ભારતીય ક્રિકેટ કેપ્ટન ગીલના રેકોર્ડ 269 રન ના સમાચાર ને પણ પહેલા પાને સ્થાન મળ્યું છે ગુજરાત સમાચારની અન્ય હેડલાઈન છે કોલેજોની મંજૂરીમાં ભ્રષ્ટાચાર સહિતના મુદ્દે ફાર્મસી કાઉન્સિલ ના પ્રમુખ સહિત ત્રણ સામે સીબીઆઇ તપાસ

ફુલછાબ - ભારતમાં લોકતંત્ર સિસ્ટમ નહીં સંસ્કૃતિ ઘાનાની સંસદને પીએમ મોદીનું સંબોધન સમાચારને સ્થાન આપ્યું છે

સ્થાનિક સમાચારોમાં રાજ્યમાં વરસાદના સમાચારો કિડની હોસ્પિટલમાં સટેન્સેલ અખતરા મુદ્દે નોટો એ એક્શન ટેકનરિપોર્ટ માંગ્યો ફેક્ટરી કામદારોના કામના દૈનિક કલાકોને નવથી વધારે બાર કરવા મંજૂરી જેવા સમાચારોને સ્થાન મળ્યું છે

. . . . . . . . . . . . . . . . . . . . . .